**પડધરીના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મુ. પડધરી, જી.રાજકોટ.**

**ક્રિમી. કેસ નં–૪૧૯/૨૦૨૨**

**–ઃ આંક–૦૧ નીચે ચુકાદોઃ–**

**(૧)** આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીસનાં ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળનાં તથા નાદાર જીલ્લા અદાલતનાં આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

**(૨)** સદર કેસનું રેકર્ડ ધ્યાને લીધુ. આરોપી સામેનાં ગુન્હાનું તહોમત ધ્યાને લેતાં આ કામે આરોપી સામે આઈ.પી.સી.ની કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હાનો આક્ષેપ છે. સદર કામે આરોપી સામે વારંવાર સમન્સ / વોરન્ટ ઈશ્યુ કરવા છતાં બજવણી થતી નથી. આરોપી સામેનો કેસ ઘણો જુનો છે અને આરોપીને વોરન્ટ પર લાંબા સમયથી મુલત્વી રહેતો આવેલ છે. આરોપી સામે કાઢેલ પ્રોસેસ પણ બજે કે વગર બજે કે નવા સરનામા મેળવી પોલીસ બજવણી તરફથી પરત ફરેલા નથી કે પોલીસ બજવણી અધીકારી પ્રોસેસની રૂએ આરોપીને હાજર કરી શકેલા નથી કે આરોપીને વોરન્ટ બજી પકડી આવેલા નથી. આમ, કેસ નિષ્ક્રિય બની રહેલ છે. તેમજ કેસનું રેકર્ડ જોતાં પણ આરોપીની હાજરી મળી આવે તેમ જણાતુ નથી. વધુમાં સરકારપક્ષે પણ આરોપીની હાજરી ઉપલબ્ધ કરાવવા કોઈ અરજી/રીપોર્ટ/રજુઆત નથી. આમ, કેસની ન્યાયીક કાર્યવાહી લંબાયા સિવાય અન્ય કોઈ હેતુ સરતો નથી. આથી આરોપીને અદાલત સમક્ષ હાજર કરાવવા બાબતે પોલીસ તંત્રને વધુ તકો આપવી ઉચીત જણાતી નથી.

**(૩) પી. રામચંદ્ર વિ. કર્ણાટક રાજ્ય ૨૦૦૨(૨), જી.એલ.આર., પાના નં. ૧૫૪૯** ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદામાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, **"The Criminal Court should exercise their available powers such as those under section 309, 311, 258 of the code of criminal procedure, 1973 to effectuate the right to speedy trial."** આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પત્ર નં. ૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સામાં

સી.આર.પી.સી. ની કલમ–૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે. આમ, ઉપરોક્ત હકકતો ધ્યાને રાખી સદર કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય જેથી પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નિવડેલ હોય. જેથી વધુ સમય આરોપીને હાજર કરાવવા પોલીસ તંત્રને વધુ સમય આપનો ઉચીત જણાતો ન હોય જેથી સી.આર.પી.સી.ની કલમ–૨૫૮ ને ધ્યાને લઈ હાલની કેસની કાર્યવાહી સ્થગીત કરવું ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) આથી ચાર્જશીટ પર હાલનાં કેસનાં આરોપીની સામેની કેસની કાર્યવાહી સ્થગીત કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને બીન–તહોમત મુક્ત કરવામાં આવે છે.

(૨) આરોપીનો જાત મુચરકો તથા જમીનખત રદ્દ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોક્ડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ જપ્ત કરી સરકાર ખાલસા કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે. તેમજ અન્ય કિંમતી મુદ્દામાલ કે બીનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧/૦૭/૨૦૨૬ નાં રોજ નેશનલ લોક અદાલત (સ્પેશ્યલ સીટીંગ) માં વાંચી સંભળાવી મારી સહી સીક્કો કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ**
**UID GJ–1579**